આવક ધારા નો પરિચય અને વ્યાખ્યાઓ
[૧] પ્રાસ્તાવિક

સરકાર દ્વારા આવક, વસ્તુઓ (commodities), સેવાઓ (services), પ્રવૃત્તિઓ કે વ્યવહારો પર ફરજિયાતપણે લાદવામાં આવતો નાણાકીય ભાર (financial charge) કર (tax) કહેવાય છે. આ શબ્દ લેટિન શબ્દ 'Taxo માંથી લેવામાં આવેલો છે.

કરવેરા મુખ્યત્વ પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરામાં વિભાજિત કરવામાં આવે છ પ્રત્યક્ષ કરવેરા એવા કરવેરા છે કે જે કર ચૂકવનારે જ ભોગવવાના હોય છે. દા.ત., આવકવેરો, કૉર્પોરેશન ટેક્સ વગેરે.

સામાન્યતઃ એવું માનવામાં આવે છે કે આવકવેરો વર્તમાન સમયની ઘટના (phenomena) છે. પરંતુ એવાં પૂરતાં પ્રમાણો મળી આવે છે કે પ્રાચીન સમયમાં પણ ભારતમાં કરવેરા ઉઘરાવવામાં આવતા હતા. પ્રાચીન ગ્રંથો મનુસ્મૃતિ અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ જાણવા મળે છે.
[૨] આવક પર કરવેરાના હેતુઓ

સામાન્યતઃ જે પ્રવૃત્તિઓ માલસામાનની વપરાશ અને સેવાઓ વધુ સારી રીતે સંતોષે છે તેમાં જ બજારનાં સ્પર્ધાત્મક પરિબળો વધુ સાધનોને આકર્ષી શકે છે. ખાનગી સાહસના નિર્ણયમાં સરકારી હસ્તક્ષેપનો અભાવ મુક્ત બજાર (Laissez faire)ની નીતિ દર્શાવે છે, પરંતુ આવી નીતિ પ્રવર્તમાન નથી. સરકારી હસ્તક્ષેપને પરિણામે હવે વપરાશકારોમાં સાધનોની વહેંચણી કે લોકો વચ્ચે આવકનું વિતરણ નિયંત્રિત કરવાના પ્રયત્નો થાય છે.

આવી નીતિઓમાં કરવેરા લાદવાની સત્તા એક અગત્યનું પરિબળ ગણાય છે અને તેનો ઉપયોગ ફક્ત આવકની પુનઃવહેંચણી જ નહિ, પરંતુ અન્ય સામાજિક અને આર્થિક હેતુઓને હાંસલ કરવામાં મદદરૂપ થાય છે.

(અ) કરવેરાનો મૂળભૂત હેતુ સરકારી ખર્ચ માટે જરૂરી ભંડોળ ઊભું કરવાનો છે.

(બ) કરવેરાના અન્ય હેતુઓ પણ છે. તેને લીધે માલસામાન અને સેવાઓની કિંમત નિર્ધારણ પર અસર થાય છે અને પરિણામે શેનું ઉત્પાદન કરવું અને કેટલી માત્રામાં કરવું તે નિયંત્રિત થાય છે.

(ક) સમાજના ધનિક વર્ગ પર વધુ કરવેરા લાદવાથી આવક અને સંપત્તિની વહેંચણીને લગતી અસમાનતા દૂર કરવાનો હેતુ પરિપૂર્ણ થઈ શકે છે

વ્યાખ્યાઓ

આવકવેરા કાયદાની જોગવાઈઓ આંટીઘૂંટીભરેલી અને મુશ્કેલ છે. આવકવેરાના વિષયને સંપૂર્ણ રીતે સમજવા કાયદામાં આપેલી વ્યાખ્યાઓની સમજૂતી આવશ્યક છે. ૧૯૬૧ના આવકવેરાના કાયદામાં અને ૧૯૬૨ના આવકવેરાના નિયમોમાં જુદાં જુદાં શબ્દપ્રયોગોની વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે, જેમાંથી મુખ્ય વ્યાખ્યાઓ નીચે મુજબ છે :

[૨] આવકવેરો અથવા આયપતવેરો (Income-tax)

*કરદાતા'ની પાછલા વર્ષની કુલ કરપાત્ર આવક ઉપર પ્રત્યેક નાણાકીય વર્ષ માટે મધ્યસ્થ સરકાર તરફથી ઉઘરાવવામાં આવતા વાર્ષિક કર કે વેરાને આવકવેરો કે આયપતવેરો કે ઈન્કમ-ટેક્સ કહેવાય છે.

[3] આવક (Income)

કલમ ૨ (૨૪)માં આવકની વ્યાખ્યા આપવામાં આવી છે, પરંતુ તેમાં આવક એટલે શું તે સમજાવવામાં આવ્યું નથી. તે સમાવેશી વ્યાખ્યા છે. તેમાં આવકના સામાન્ય અર્થ ઉપરાંત બીજી કઈ કઈ રકમોને આવક ગણવી તેની માહિતી આપવામાં આવી છે. વ્યાખ્યામાં જણાવેલ પ્રકારો વાસ્તવિક રીતે ગણાતી આવકો ઉપરાંત વધારાના છે. હવે, આપણે વ્યાખ્યામાં જણાવેલ આવકના પ્રકારો તપાસીએ :

(૧) ધંધા કે વ્યવસાયનો નફો અને લાભ.

(૨) ડિવિડન્ડ.

(3) પગાર

(4) મકાન મિલ્કત ની આવક

(5) મૂડી નફો

(6) અન્ય સાધન ની આવક

(4) એસેસી અથવા કરદાતા અથવા કર ભરનાર (Assessee): [કલમ ૨ (૭)]

(અ) એસેસી એટલે આવકવેરાના કાયદા હેઠળ કોઈ કર અથવા નાણાંની બીજી કોઈ રકમ (દા.ત., વ્યાજ, દંડ, fringe benefits tax વગેરે) ભરવા માટે જવાબદાર શખસ. (આવી રકમ માટે કાયદા હેઠળ કોઈ કાર્યવાહી ન કરવામાં આવી હોય તો પણ તે શખસ એસેસી ગણાય.)

[૫] આકારણી (Assessment)

કર ભરનારની ભારતમાં લેણી થયેલી કે પ્રાપ્ત થયેલ કુલ આવક તેમ જ ભારતમાં કે પરદેશમાં લેણી થયેલી, પરંતુ પરદેશમાં પ્રાપ્ત થઈ હોય તો તેવી આવક તપાસી તેનું સાચાપણું નક્કી કરવાની અને કરની રકમ નક્કી કરવાની ક્રિયાને આકારણી કહેવામાં આવે છે. કલમ ૨(૮) અનુસાર કરવામાં આવતી ફેરઆકારણી (Re-assessment)નો સમાવેશ પણ આકારણીની વ્યાખ્યામાં થઈ જાય છે.

[૬] આકારણી વર્ષ (Assessment Year)

જે વર્ષ દરમિયાન કરદાતાની પાછલા વર્ષની આવકની આકારણી કરવામાં આવે છે, તેને આકારણી વર્ષ કહે છે. ૧૯૬૧ના ધોરામાં આ વ્યાખ્યાનો ઉમેરો કરવામાં આવ્યો છે. દર વર્ષે તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતો બાર માસનો સમય આકારણી વર્ષ તરીકે ઓળખાય છે. આકારણી વર્ષ ૧લી એપ્રિલે શરૂ થાય છે અને ત્યાર પછીના વર્ષની ૩૧મી માર્ચના રોજ પૂરું થાય છે.

(7) પાછલું વર્ષ : પાછલું વર્ષ એટલે જે વર્ષે આકારણી કરવાની હોય તેની તરત આગળના તા. ૩૧મી માર્ચના રોજ પૂરા થતા બાર માસનો સમય. દા. ત., ૨૦૨૫-૨૬ના આકારણી વર્ષ માટે પાછલું વર્ષ ૨૦૨૪-૨૫નું વર્ષ ગણાય.

(૮) શખ્સ(Person)
આવકવેરા ધારાની કલમ ૨(૩૧)માં આવકવેરો ભરવાને જવાબદાર શખસોના પ્રકારની એક યાદી આપવામાં આવેલ છે, તેવા પ્રકારના શખસો જો તેમની આવક નાણાં ધારાની જોગવાઈ અનુસાર કરપાત્ર ઠરતી હોય તો તેઓ કર ભરવાને જવાબદાર છે. કલમ ૨(૩૧) મુજબ યાદી નીચે મુજબ છે :

(૧) કોઈ પણ વ્યક્તિ

(Individual : કુદરતી વ્યક્તિ)

(૨) હિન્દુ અવિભક્ત કુટુંબ

(H.U.F.)

(૩) કંપની

(૪) પેઢી

(૫) શખસોનું મંડળ (AOP) અથવા વ્યક્તિઓનો સમૂહ (તે સંસ્થાપિત હોય કે ન હોય)

(૬) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા (એટલે કે ગ્રામ પંચાયત, મ્યુનિસિપાલિટી વગેરે).

(૭) ઉપરની યાદીમાં આવી નહિ જતાં દરેક કૃત્રિમ રીતે કાયદેસર ગણાતાં શખસો (Artificial juridical persons).